# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જાન્યુઆરી - ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૧

## નૂતન ચેતના ગ્રહણ કરવા આપણી જાતને તૈયાર કરવી

નૂતન ચેતનાનો સ્વીકાર કરવા માટે આપણી જાતને તૈયાર કરવા માટેની સૌ પ્રથમ અને અનિવાર્ય શરત છે, સહજ અને સત્ય એવી વિનમ્રતા કેળવવી. એ વિનમ્રતા આપણી અંદર ઊંડે ઊંડે એવી લાગણી જન્માવશે કે આપણે જે અદ્‌ભુત વસ્તુઓ પ્રાપ્ત કરવાની છે એની સમક્ષ આપણે કંઈ જ નથી, અને આપણે કશું જ જાણતા નથી.

☆

**પ્રશ્ન :** ગત વર્ષે (૧૯૬૯માં) અવતરિત થયેલી નૂતન ચેતના મુક્તપણે કાર્ય કરી શકે એને માટે સાધકે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** (૧) ગ્રહણશીલ બનવું અને (૨) નમનીય બનવું.

### નૂતન ચેતના સાથે સહકાર સાધવો

**પ્રશ્ન :** વર્ષ ૧૯૧૯માં શ્રી અરવિન્દે લખી જણાવ્યું હતું કે 'સંકટો અને અંધાધૂંધી એ કદાચ નૂતન સર્જનના પ્રસવની વેદના સમાન હતા.' આ બધું કયાં સુધી ચાલુ રહેશે ? આશ્રમમાં, ભારતમાં અને છેવટે વિશ્વમાં ?

ઉત્તર : જ્યાં સુધી વિશ્વ નૂતન સર્જનનો સ્વીકાર કરવા રાજીખુશીથી તૈયાર નહિ થાય ત્યાં સુધી આ બધું ચાલુ રહેશે; આ વર્ષ (૧૯૬૯)ની શરૂઆતથી જ આ નૂતન સર્જનની ચેતના પૃથ્વી ઉપર કાર્યરત થઈ ચૂકી છે. એ ચેતનાનો વિરોધ કરવાને બદલે જો લોકો એના કાર્યમાં સહકાર આપતા થયા હોત તો પરિણામ જલ્દી પ્રાપ્ત થઈ શકત. પરંતુ મૂર્ખતા અને અજ્ઞાન ખૂબ જ હઠીલાં છે !

✯

પ્રશ્ન : માતાજી, 'વિશ્વ મહાન પરિવર્તન માટે તૈયારી કરી રહ્યું છે. તમે મદદ કરશો ?' (૧૯૭૦નો સંદેશ) આપ, અહીં કયા મહાન પરિવર્તનની વાત કરી રહ્યાં છો ? અને અમે એમાં કઈ રીતે મદદરૂપ થઈ શકીએ ?

ઉત્તર : મહાન પરિવર્તન એ કે પૃથ્વી ઉપર નૂતન માનવજાતિનું આગમન થઈ રહ્યું છે. આ માનવજાતિ આજના માનવ કરતાં એટલી આગળ હશે, જેટલો આજનો માનવ પશુ કરતાં આગળ છે. જે લોકો આ નૂતન માનવજાતિની ચેતનાને સ્વીકારવા અને એના પ્રત્યે ધ્યાન કેળવવા તૈયાર છે એવા લોકોને બોધ આપવા માટે એ ચેતના પૃથ્વી પર કાર્યરત થઈ ચૂકી છે.

✯

પ્રશ્ન : આપે અમને તમારી મદદ કરવા જણાવ્યું છે. હું આપની કઈ રીતે મદદ કરી શકું ? મારે એને માટે શું કરવાનું રહે છે ?

ઉત્તર : નૂતન ક્રમિક ચેતના તથા જે નૂતન વસ્તુઓ નીચે અવતરી રહી છે એને ગ્રહણ કરવા માટે એકાગ્રતા કરવી અને પોતાની જાતને ખુલ્લી કરવી.

✯

આ પરિવર્તન સિદ્ધ થાય એને માટે આપણી મદદની એને જરૂર નથી, પરંતુ આપણે એ ચેતના પરત્વે ખુલ્લા થવું એટલા માટે જરૂરી છે કે એ ચેતનાનું આગમન આપણે માટે વ્યર્થ પુરવાર ન થાય.

✯

આ એક ઘણી જ નાજુક ક્રિયા છે, સંભવ છે કે એ હરહંમેશ બનતી નથી એટલે એવી હશે - એમાં જરા સરખું પણ હલનચલન થાય, મનનું નાનામાં નાનું આંદોલન ઊભું થાય તો પણ તે આખી વસ્તુને બગાડી મૂકે છે. પણ જ્યાં સુધી એ ક્રિયા ચાલતી રહે છે ત્યાં સુધી તે સંપૂર્ણ શુદ્ધ જ રહે છે. અતિમાનસ જીવનમાં આ સ્થિતિ સતત બની રહેવી જોઈએ. એમાં મનોમય રીતની આધ્યાત્મિક સંકલ્પ શક્તિનો પ્રવેશ ન થવો જોઈએ. માણસમાં આવી આધ્યાત્મિક સંકલ્પશક્તિ પણ જરૂર હોઈ શકે છે, તમારા જીવનમાં તમે

સતત આધ્યાત્મિક સંકલ્પશક્તિને પ્રકટ કરતા રહી શકો છો (જે લોકોને એમ લાગતું હોય છે કે તેમને તેમની અંદર રહેલા પ્રભુ દોરી રહ્યા છે તે બધા આ પ્રમાણે જ કામ કરતા હોય છે.) પણ આ બધી વસ્તુ મનની મારફતે આકાર લેતી રહે છે. અને આમ હોય ત્યાં સુધી એ જીવન અતિમાનસ રીતનું બની શકતું નથી. અતિમાનસ જીવન કદી મનમાં થઈને ગતિ કરતું નથી. મન એ એક નિઃસ્તબ્ધ શાંત પ્રદેશ બની રહે છે અને એમાંથી અતિમાનસની વસ્તુઓ પસાર થતી રહે છે. મન તરફથી જરા જેટલો અવાજ થાય તો પણ પેલી ક્રિયામાં ભંગ પડે છે.

☆

**પ્રશ્ન :** 'ભાવિ માટે કાર્ય કરવું' એનો અર્થ શું ?

**ઉત્તર :** શરૂઆત કરવા માટે જૂની ટેવો (વ્યક્તિગત કે રાષ્ટ્રીય)ને વળગી ન રહેવું.

☆

જે લોકો અહંકારથી મુક્ત હોય છે, ફક્ત એવા લોકો દ્વારા જ સત્-ચેતના આવિર્ભાવ પામી શકે.

☆

**પ્રશ્ન :** કર્મના આવેગમાં સત્ય અને અસત્ય વચ્ચે કઈ રીતે વિવેક કરવો ?

**ઉત્તર :** સત્યનો પ્રકાશ અંધકાર અને અસત્યની શક્તિઓ પર કાબૂ પ્રાપ્ત કરે તેમાં સહાય કરવાની જેઓને ઇચ્છા હોય તેઓ આ વસ્તુ પોતાની અંદર ઊઠતા આવેગોની ગતિઓ અને કર્મોનું નિરીક્ષણ કરીને, તથા તેમાંના કયા સત્યમાંથી આવે છે અને કયા અસત્યમાંથી તે વચ્ચેનો ભેદ પારખી શકે છે, જેથી તેઓ પ્રથમની વસ્તુનું પાલન કરી શકે અને અન્યને વેગથી ફેંકી દે.

પૃથ્વીના વાતાવરણમાં સત્યની જ્યોતિના આગમનની પ્રથમ નિશાની, આ પ્રકારની વિવેકશક્તિ છે.

જો સાથે આવેલી આ વિવેકશક્તિની ખાસ બક્ષિસ ન હોય તો સત્યના અને અસત્યના આવેગો વચ્ચેનો ભેદ પારખવો સાચે જ મુશ્કેલ છે.

પરંતુ શરૂઆત કરનાર પોતાને માટે એક માર્ગદર્શક નિયમ બનાવી લઈ શકે કે જે વસ્તુની શરૂઆત અથવા સર્જન શાન્તિ, શ્રદ્ધા, આનંદ, સંવાદ, વિશાળતા, એકતા અને આરોહક વિકાસથી થતી હોય તે સત્યમાંથી આવતી હોવી જોઈએ. જ્યારે જે વસ્તુ તેની સાથે ચંચળતા, શંકા, અશ્રદ્ધા, દિલગીરી, વિસંવાદ, સ્વાર્થી સંકુચિતતા, જડતા, નિરાશા અને અવસાદ લાવતી હોય તે સીધેસીધી અસત્યમાંથી આવતી હોય છે.

☆

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ સોસાયટી મથુરા, અમરનાથ શિક્ષણ સંસ્થામાં તા. ૨૪ને ૨૫ ઑક્ટોબર, ૨૦૧૫ના દિવસોએ હિન્દીભાષી વિસ્તારના શ્રી અરવિન્દ કેન્દ્રોનું વાર્ષિક અધિવેશન યોજાયું હતું. અધિવેશનમાં હિન્દીભાષી રાજ્યોના લગભગ ત્રણસો તથા સ્થાનિક દોઢ સો પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. અધિવેશનનો પ્રારંભ વિદ્યાર્થીઓએ શ્રી માતાજીને અર્પણ કરેલ ગાર્ડ ઑફ ઑનર અને વંદેમાતરમ ગીતના ગાનથી તેમ જ દીપ પ્રાકટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. અધિવેશનના અધ્યક્ષપદે રાજ્ય સમિતિના અધ્યક્ષ શ્રી વિજય પોદ્દાર હતા અને અન્ય મહેમાનોમાં શ્રી મનોજ શર્મા, ડૉ. જે.પી. સીંગ, શ્રી પ્રદીપ નારંગ તથા શ્રી જ્યોતિબહેન થાનકી હાજર રહ્યાં હતાં. પ્રથમ સત્રનો વિષય હતો : **'શ્રી અરવિન્દની ચિંતનધારામાં શ્રીકૃષ્ણ'** શ્રી મનોજ શર્માએ વિષયની સુંદર ભૂમિકા બાંધી આપી અને અન્ય વક્તાઓ ડૉ. જે.પી.સીંગ, શ્રી પ્રદીપ નારંગ, તથા સ્વામી શ્રી ગોવિન્દનન્દ તીર્થજીએ મનનીય વક્તવ્યો રજૂ કર્યાં.

૨૪ તારીખે બપોરના સત્રમાં શ્રી જ્યોતિબહેન થાનકીએ 'માતૃચેતના – શ્રી રાધાજીથી શ્રી માતાજી સુધી' એ વિષય ઉપર મનનીય વક્તવ્ય રજૂ કર્યું. સાંજે અમરનાથ શિક્ષણસંસ્થાનના વિદ્યાર્થીઓએ શ્રીકૃષ્ણલીલામૃત નૃત્યનાટિકા તથા દશાવતાર નૃત્યની અદ્‌ભુત રજૂઆત કરી હતી.

તારીખ ૨૫મીએ સત્રનો પ્રારંભ સમાધિ સમીપ સમૂહધ્યાન દ્વારા થયો. પછી શ્રી મનોજ શર્માએ 'શ્રી અરવિન્દનો ગીતાસંદેશ' વિષય પર સુંદર રજૂઆત કરી. ત્યાર પછી બધાં કેન્દ્રોના પ્રતિનિધિઓએ પોતપોતાનાં કેન્દ્રોની કાર્યવાહી વિશે રજૂઆતો કરી. શ્રી જ્યોતિબહેન હિન્દીભાષી રાજ્યોની રાજ્ય સમિતિના આમંત્રણને માન આપી હાજર રહ્યાં હતાં. તેઓશ્રીએ ગુજરાતનાં કેન્દ્રોની કામગીરી વિશે પણ રજૂઆત કરી હતી.

*

તાજેતરમાં જામનગર કેન્દ્રમાં નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવ્યા.

* તા. ૨૫.૧૧.૨૦૧૫ રવિવારની પ્રાર્થના સભા દરમિયાન (સાંજે ૭થી ૮) વડોદરાના શોભનાબેન પરમારે ''ફૂલોનું આધ્યાત્મિક રહસ્ય'' પુસ્તક પર ટૂંકો વાર્તાલાપ આપ્યો.

* તા. ૧.૧૧.૨૦૧૫ જામનગર કેન્દ્રનો સ્થાપનાદિન.
જામનગરમાં શ્રી અરવિન્દ કેન્દ્રની સ્થાપના ૧.૧૧.૧૯૭૦ના રોજ આશ્રમના અંતેવાસી અને ગુજરાતના મહાન કવિ શ્રી સુન્દરમ્‌ના વરદ હસ્તે કરવામાં આવી હતી. સ્થાપનાદિન (૧-૧૧-૨૦૧૫) પ્રસંગે સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન અને સાંજે ૭થી ૮.૩૦ ભક્તિસંગીત તથા ધ્યાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જામનગરના પ્રખ્યાત કલાકાર શ્રી નલિનભાઈ ત્રિવેદી દ્વારા ભક્તિગીતો રજૂ કરવામાં આવ્યાં.
* વિક્રમ સંવત ૨૦૭૨, કારતક સુદ-૧ નૂતન વર્ષ દિન : બેસતું વર્ષ : તા. ૧૨.૧૧.૧૫ના રોજ સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન રાખવામાં આવ્યું. કેન્દ્ર બપોરે ૧ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવ્યું.
* તા. ૧૭.૧૧.૨૦૧૫ : શ્રી માતાજીનો દેહોત્સર્ગ-દિન તથા
તા. ૨૦.૧૧.૨૦૧૫ : શ્રી માતાજીનો મહાસમાધિ-દિન.
બંને દિવસ સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન તથા સાંજે ધ્યાન, પ્રાર્થના તથા પ્રસંગને અનુરૂપ વાચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
* તા. ૨૪.૧૧.૨૦૧૫ : સિદ્ધિ-દિન : દર્શન-દિન.
સવારે ૧૦થી ૧૦.૩૦ : સમાધિ સમીપ સમૂહધ્યાન
સાંજે ૭થી ૮: ધ્યાન, પ્રાર્થના, પ્રસંગને અનુરૂપ વાચન

બધા કાર્યક્રમોમાં વાતાવરણ ભક્તિમય - શ્રી માતાજીની સંનિધિ સભર રહ્યું. સારી સંખ્યામાં જામનગરના નગરજનોએ કાર્યક્રમોમાં ભાગ લીધો.

*(અહેવાલ : બિપિન શનિશ્ચરા)*

*

શ્રી ઑરો-મા ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી અરવિન્દ કેન્દ્ર, ૬૩, પશકમલ સોસાયટી, અમદાવાદ મુકામે ૨૪ નવેમ્બર, દર્શનદિવસના ઉપલક્ષ્યમાં તા. ૨૨ને ૨૩ નવેમ્બરના રોજ શ્રી કિરીટભાઈ ઠક્કરનાં વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨મીએ સાંજે શ્રી કિરીટભાઈએ 'મૃત્યુની મીમાંસા અને શરીરના રૂપાંતરનો યોગ' વિશે સરળ શૈલીમાં અતિ સુંદર રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તા. ૨૩મીની સાંજે ૨૪ નવેમ્બર, ૧૯૨૬ના રોજ થયેલી અધિમનસ અવતરણની ઘટના તેમ જ એના પરિણામસ્વરૂપ અતિમનસ અવતરણની શક્યતા ઊભી થઈ હતી તે વિષય ઉપર પ્રકાશપૂર્ણ રજૂઆત દ્વારા શ્રી કિરીટભાઈએ વિષયની સુંદર છણાવટ કરી હતી. કેન્દ્રના હાજરીસભર વાતાવરણનો સારી સંખ્યામાં હાજર રહેલા સાધકોએ ભાગ લીધો.

શ્રી અરવિન્દ કેન્દ્ર, વિસનગરના ઉપક્રમે ૨૪ નવેમ્બર, (દર્શન દિવસ) તથા ૨૫ નવેમ્બર (કેન્દ્રમાં દિવ્યાંશ સ્થાપના દિવસ) ના રોજ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્વજારોહણ, પ્રાર્થના, ધ્યાન, વક્તવ્યો અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમોમાં ૧૦૦થી ૧૨૫ સાધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૨૪ નવેમ્બરના રોજ સવારે ૯-૪૫થી ૧૦-૪૫ તથા ૧૧-૨૦થી ૧૨-૨૦ અને બપોરે ૩-૩૦થી ૪-૩૦ દરમિયાન શ્રી કિરીટભાઈ ઠક્કરે ૨૪ નવેમ્બર, ૧૯૨૬ના રોજ થયેલ અધિમનસ અવતરણ, આશ્રમની પ્રસ્થાપના તથા પૂર્ણયોગની સાધનાના અનુસંધાને અધિમનસ, ને અતિમનસ તથા રૂપાંતર સંજ્ઞાઓ વિશે સુંદર સમજ આપી તેમ જ શ્રોતાઓના પ્રશ્નોના પ્રત્યુત્તરો આપ્યા હતા.

૨૫ નવેમ્બરના રોજ સવારના સત્રમાં શ્રી અરવિન્દ તત્ત્વદર્શન અને પૂર્ણયોગની સાધના પદ્ધતિ વિશે શ્રી કિરીટભાઈએ સરળ ભાષામાં રજૂઆત કરી હતી. ત્યાર બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ થયો હતો. કેન્દ્રના દિવ્ય વાતાવરણમાં સર્વેને હાજરીની સઘન અનુભૂતિઓ થઈ. કેન્દ્રના વ્યવસ્થાપકોએ બંને દિવસોએ પ્રસાદની તથા અન્ય વ્યવસ્થા અતિ સુંદર રીતે કરી હતી.

*

## જાહેરાત

### નૈતિતાલમાં શ્રી અરવિન્દ સાધના શિબિર

તા. ૪મે, ૨૦૧૬થી ૧૦મે, તેમ જ ૧૧ મે, ૨૦૧૬થી ૧૭મે દરમિયાન ઉપર્યુક્ત સાધના શિબિરોનું આયોજન નૈનિતાલના પહાડી વિસ્તારમાં, હિમાલયની ગોદમાં પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે કરવામાં આવનાર છે. શિબિરસંચાલન પ્રો. શ્રી ભારતસિંહ ઝાલા કરશે. શિબિરના વિષયો છે : શ્રી અરવિન્દ જીવન, પૂર્ણયોગ અને સાવિત્રી મહાકાવ્ય. શિબિરાર્થીઓએ રેલ્વેનું ભાડુ, ઉપરાંત રહેવા તથા જમવાના ખર્ચ પેટે રૂા. ૬૦૦૦/- (એક શિબિરના) ભરવાના રહેશે. કુલ ૫૦ શિબિરાર્થીઓની નોંધણી 'વહેલા તે પહેલા' ધોરણે કરવામાં આવશે. સંપર્ક : શ્રી ભારતસિંહ ઝાલા, શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, ૨૧, સહકારનગર, બોટાદ-૩૬૪૭૧૦. મો. ૯૪૨૬૬૯૫૧૯૮.

*

## ગ્રીષ્મ અભ્યાસ શિબિર

શ્રી અરવિન્દ આશ્રમ, દિલ્હી શાખા દ્વારા શ્રી અરવિન્દના સાહિત્ય ઉપર અભ્યાસ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે હિમાલયના સુરમ્ય અને પવિત્ર વાતાવરણમાં ગુજરાતી ભાષામાં બે શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. વિષય : ''શ્રી અરવિન્દ - દર્શન અને સાહિત્ય''.

આ શિબિરોનું સંચાલન શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશી કરશે. તા. ૨૭/૪ થી ૩/૫ અને ૪/૫ થી ૧૦/૫/૨૦૧૬ સુધી મુ. મધુવન (રામગઢ, હિમાલય પ્રદેશ). શિબિરમાં માત્ર ૩૦ શિબિરાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વડોદરાથી કાઠગોદામ (હિમાલય પ્રદેશ) સુધીની મુસાફરીનું રીઝર્વેશન દરેકે વ્યક્તિગત ધોરણે કરવાનું રહેશે. શિબિરમાં રહેવા જમવાની ફી રૂા. ૬૦૦૦/-.

**સંપર્ક : શ્રી શરદભાઈ જોશી** (મો. ૯૪૨૬૭૨૩૮૮૮, Mail : sri_smj@yahoo.com.

*

શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ અને શ્રી અરવિન્દ સોસાયટી વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રી અરવિન્દ તત્ત્વદર્શનનાં ઊંડાં અભ્યાસી અને ખ્યાતનામ લેખિકા સુ.શ્રી જ્યોતિબહેન થાનકીનાં ચિંતનાત્મક પ્રવચનોની શ્રેણીનું આયોજન તા. ૧૨-૧૩ ડિસેમ્બર ૨૦૧૫ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસમાં કરવામાં આવ્યું હતું. બન્ને દિવસે સવારે ૯.૩૦થી ૧૨.૩૦ સુધી 'આનંદપ્રદ જીવનનાં સોપાનો' એ વિષય ઉપર તથા સાંજે ૫.૩૦થી ૭.૦૦ દરમિયાન તા. ૧૨મીના રોજ 'કર્મ એ જ પૂજા' તથા તા. ૧૩મીના રોજ 'દૈનિક જીવનમાં સાધના' બન્ને વિષયો પર સચોટ દૃષ્ટાંતો સહિત રસપ્રદ વ્યાખ્યાનો શ્રી જ્યોતિબહેને રજૂ કર્યા હતાં. દરેક પ્રવચનનો આરંભ શ્રીમતી અંગિરાબહેનના ભક્તિગીતથી થયો હતો. ત્યાર પછી શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોષી પ્રવચનના વિષયને અનુરૂપ, વિષયપ્રવેશ જેવું ટૂંકું વક્તવ્ય આપતા હતા. પ્રવચનની સમગ્ર શ્રેણી ખૂબ લોકભોગ્ય બની રહી. જથા પ્રવચનને અંતે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રમોદભાઈ શાહે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે શ્રી માતાજી અને શ્રી અરવિન્દના સાહિત્યનો સૌથી વધુ લોકો લાભ લે તેવું આયોજન અવારનવાર કરતા રહેવાની મેમોરિયલ ટ્રસ્ટની નેમ છે.

ધ્યાન અને કાર્યક્રમની સમાપ્તિ થઈ અને સુ.શ્રી જ્યોતિબહેન લિખિત 'દૈનિક જીવનમાં સાધના', પુસ્તિકા સૌને પ્રસાદ રૂપે વહેંચવામાં આવી.

ઉલ્લેખનીય છે કે આ બે દિવસો દરમિયાન અર્પણ માસિકના અમૂલ્ય જૂના અંકોનું

નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. આ રીતે લગભગ ૩૫૦ અંકોની સુજ્ઞ શ્રોતાઓએ ભેટ મેળવી. સમગ્ર પ્રવચનશ્રેણીનું સુચારુ સંચાલન શ્રી કૈલાસ જોશીએ કર્યું હતું.

*

## સાભાર સ્વીકાર

**કાવ્યાનુભવ : ચંદ્રકાન્ત શેઠ.** રન્નાદે પ્રકાશન, ૫૮-૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૨૧૧૦૦ ૮૧(૦૭૯) પૃષ્ઠ સંખ્યા ૨૨૫. ૧/૮ ડેમી. સારા કાગળ ઉપર સારું છાપકામ, રંગબેરંગી મુખપૃષ્ઠ. સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૨૨૫/-. કવિતા ઉપર સમાલોચક નિબંધો. ગુજરાતના ખ્યાતનામ કવિઓની કવિતા ઉપર લખાયેલ ૨૮ નિબંધોનો સંગ્રહ. લેખક શ્રી ચંદ્રકાન્ત શેઠ જણાવે છે : 'મારા ભાવનકર્મનો આ પ્રસાદ ઉત્તમ કવિતા પ્રત્યેના તમારા સંબંધને સવિશેષ ગાઢ કરે એવી અપેક્ષા....'

*

**વાત તારી નીકળી (ગુજરાતી ગઝલ સંગ્રહ) : રાજેશ બ્રહ્મભટ્ટ 'રાજ'.** વિક્રેતા : સૌ. સરોજ આર. બ્રહ્મભટ્ટ, સી-૪, પૂજા પાર્ક સોસાયટી, હરણી - વારસિયા રીંગ રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : ૨૫૩૧૬૯૪ (૦૨૬૫). પુસ્તકમાં ૬૮ ગઝલોને અતિ સુંદર રીતે છાપવામાં આવી છે. રંગબેરંગી સુંદર મુખપૃષ્ઠ સહિત બાંધણી સુઘડ છે. મૂલ્ય રૂા. ૧૦૦/-. શ્રી દિનેશ ડોંગરે 'નાદાન' જણાવે છે : '' 'રાજ' ના આ ગઝલસંગ્રહમાંથી પસાર થતાં રોમરોમ ભીંજાઈને નીતરવાની મોજ પડે તેમ છે.'' વાંચવા-માણવા લાયક કૃતિઓ.

## અગત્યની જાહેરાત

આથી સર્વે સહૃદયી વાચકોને વિજ્ઞપ્તિ કે **'પ્રભુ અર્પણ'** માસિક આપ આપનાં આપ્તજનો અથવા સેવાભાવી સંસ્થાઓને ભેટ રૂપે આપવા ઈચ્છતા હો તો આપની એ સદ્ભાવનાનું સહર્ષ સ્વાગત છે.

આ માટે આપને શ્રી અરવિન્દ સોસાયટી દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦૦૦૧નો સંપર્ક કરવા વિનંતિ છે. ફોન : ૦૨૬૫-૨૪૧૨૬૮૫.

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦

| | |
|---|---|
| લવાજમના દર ૧ વર્ષ - | રૂા. ૧૮૦/- |
| ૩ વર્ષ - | રૂા. ૫૨૦/- |
| ૫ વર્ષ - | રૂા. ૮૬૦/- |